## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



નાનપણ થી હું કામચોરી કરતો એટલે આ લાઇનમાં આવ્યો...તુ કેમ આવ્યો...!!

# આલમપુર શાકમાર્કેટના ગંદકીથી ઘેરાયેલા શૌચાલયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આલમપુર હોલસેલ શાકમાર્કેટમાં શૌચાલયો શોભાના ગાંઠીયા સમાન બની ગયા છે. હોલસેલ માર્કેટમાં આવેલા ૬ જેટલા શૌચાલય ગંદકીથી ખદબદી રહ્યા છે. ત્યારે શાકમાર્કેટમાં ખરીદી માટે આવતા નાગરીકોને શૌચક્રિયા માટે બહાર સુધી લાંબા થવુ પડે છે. ત્યારે આલમપુર શાકમાર્કેટના શૌચાલયોમાં ઝડપી ઉપયોગી થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.



પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર થી ચિલોડા જતા માર્ગ પર આવેલુ આલમપુર શાકમાર્કેટ ખેડુતો-વેપારીઓ તેમજ ગ્રાહકોથી ધમધમે છે. વહેલી સવાર થી સાંજ સુધી ધમધમતા માર્કેટમાં રોજના હજજારો નાગરીકોની આવન-જાવન રહે છે. આલમપુર માર્કેટમાં ૮૦ થી વધુ હોલસેલની દુકાનો આવેલી છે. જેમાં શાકભાજી અને ફ્રુટની ખરીદી-વેચાણ થાય છે. હોલસેલ માર્કટ હોવાથી હજજારો નાગરીકો શાકની ખરીદી માટે આવે છે. તે ઉપરાંત માર્કેટમાં શાકના વેચાણ માટે ખેડુતો, શાકભાજીના નાના વેપારીઓ, વાહનચાલકો, શ્રમિકો સહિત હજાજારોની સંખ્યા દિવસભર હોય છે. ત્યારે શાકમાર્કેટના હોલસેલ બજારમાં તંત્ર દ્વારા ૬ જેટલા શૌચાલય વિવિધ સ્થળે બનાવાયા છે. પરંતુ તમામ શૌચાલય બિનઉપયોગી પડ્યા છે. શૌચાલય ગંદકી થી ખદબદતા હોવાથી મોંઢા પર રૂમાલ રાખીને પસાર થવુ પડે છે. જયારે શાકની ખરીદી માટે આવતા નાગરીકોને શૌચક્રિયા માટે માર્કેટની બહાર સુધી જવુ પડે છે. જયારે નાગરીકોથી ઉભરાતા માર્કેટમાં આડશ જોઈ કેટલાક વ્યકિત શૌચક્રિયા કરતા નજરે પડે છે. ત્યારે આલમપુર માર્કેટ દિનપ્રતિદિન વિકસતુ જાય છે. વિવિધ શાકભાજી અને ફ્રુટના વેપારીઓ દુર દુરથી આલમપુર માર્કેટમાં આવે છે.ત્યારે આલમપુર માર્કેટના બિન ઉપયોગી શૌચાલય ઝડપી ઉપયોગી બની રહે તેવી નાગરીકોની માંગ છે. ઉલ્લેખનીય છે કે શહેરના સેકટર-૨૧ સ્થિત શાકમાર્કેટ નાનુ હોવા છતા તેમાં શૌચાલય ઉપયોગી છે. તો બીજીતરફ સેકટર-૨૪ ખાતે પણ શાકમાર્કેટની બાજુમાં તંત્ર દ્વારા સુલભ શૌચાલય ઉભુ કરાયું છે. ત્યારે આલમપુર માર્કેટમાં સત્વરે આ સુવિધા ઉભી કરવી આવશ્યક છે.

## ખૂણેખાંચરેથી

● આઈ.પી.એલ.ના વધેલા ચાહકોએ આજે ગરમીના પ્રકોપ વચ્ચે ડબલ હેકર મેચનો આનંદ લીધો હતો.

● નારદીપુર વિસનગરા નાગર બ્રાહ્મણ પંચ દ્વારા આજે નારદીપુરમાં હાટકેશ જયંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

● ગાંધીનગર શહેરમાં પેયજળનો પુરવઠો પુનઃ પ્રસ્થાપિત થતાં નગરજનોએ રાહત અનુભવી હતી.

● ગાંધીનગર સિવિલમાં છેલ્લા સપ્તાહમાં ડાયેરિયા તેમજ લૂ લાગવાના કેસોની સંખ્યામાં વધારો થયો છે.

● ગાંધીનગર જિલ્લાના પાંચ ગામોમાં મુખ્યમંત્રી સંતૃપ્તિ યોજનાના થયેલા સર્વેલન્સમાં ડિજીટલ હેલ્થ મિશન માટે ૧૨૦૦થી વધુ લાભાર્થીઓએ તેમજ પ્રધાનમંત્રી આરોગ્ય કાર્ડ મેળવવા ૮૦૦ થી વધુ લાભાર્થીઓએ રસ દાખવ્યો હોવાનું બહાર આવ્યું છે.

● ગાંધીનગર સે. ૨૪ કે જ્યાં વસ્તીનું સૌથી વધુ ભારણ છે ત્યાં ગંદકીના ઢગલા સૌની ચર્ચાનો મુદ્દો બન્યા છે અહિ કચરાપેટીઓ પણ નિયમિત રીતે સાફ નહિ થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

● દહેગામ નગરપાલિકામાં વોર્ડ વાઈઝ બાળ સુરક્ષા સમિતિ રચવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

● દહેગામ નગરપાલિકાની ગઈકાલની સામાન્ય સભામાં કોંગ્રેસે રજુ કરેલા મુદ્દાઓનો ભાજપે સ્વીકાર કરતાં જિલ્લાના રાજકારણમાં ભારે ચર્ચાઓ જાગી છે.

● પાટણ અને સિદ્ધપુરના કોંગી ધારાસભ્યોએ આજે મુખ્યમંત્રી સાથે કરેલી મુલાકાતને પગલે રાજકીય ગરમાવો વધ્યો છે.



ગુજરાત સ્થાપના દિન અંતર્ગત ગ્રીન સીટી રીયલ એસ્ટેટ વેલ્ફેર દ્વારા કુડાસણ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાંસદ એચ.એસ. પટેલ, મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન જશવંત પટેલ, મહામંત્રી ગૌરાંગ પટેલ તથા સંસ્થાના અગ્રણીઓ અને કોર્પોરેટરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



બીએપીએસ દ્વારા પ્રમુખસ્વામી શતાબ્દીની ઉજવણી થઈ રહી છે. આ ઉજવણી અંતર્ગત 'આપણા સાચા સ્વજન' વિષયને કેન્દ્રમાં રાખીને સંવાદ, ગરબા અને લોકનૃત્યનો કાર્યક્રમ સિવિલ ઓડીટોરીયમ ખાતે યોજાયો હતો.




ગાંધીનગરની રચના એવી છે કે તેમાં સાઈનબોર્ડનું મહત્વ વધી જાય છે, દિશાસૂચક સાઈન બોર્ડ્સ આ શહેરમાં બહારથી આવતા મુલાકાતીઓ માટે ખુબ જ મહત્વના બની રહે છે. શહેરના 'જ' માર્ગ પર સેક્ટર-૧ના તળાવના ખૂણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ જવા દિશા નિર્દેશ કરતું બોર્ડ લગાડાયેલું છે, ખરેખર આ બોર્ડ જો સરિતાઉદ્યાન પાસે લગાડાય તો બહારથી આવતા વાહનચાલકોને સિવિલ હોસ્પિટલ જવામાં વધુ સરળતા રહે કેમકે સરિતાઉદ્યાન સામેનો માર્ગ સીધો જ ઘ-૩ સર્કલ સિવિલ હોસ્પિટલ સુધી પહોંચે છે.

## પાનસર થી ડિંગુચા માર્ગ પર મોરારજી નગરની સામેથી ૪ જુગારી ઝડપાયા



ગાંધીનગર, તા.૧

કલોલ તાલુકા પોલીસ મથકની હદમાં પાનસરથી ડિંગુચા જતા માર્ગ પર મોરારજી નગરની સામે ખુલ્લી જગ્યામાં કુંડાળુ વળીને જુગાર રમી રહેલા ૪ જુગારીઓને એલસીબી પોલીસે પકડી પાડ્યા હતા. જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૩,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાની ટીમના સભ્યો અનુપસિંહ, જીગ્નેશકુમાર, વિક્રમભાઈ, અનોપસિંહ, રાજેન્દ્રસિંહ કલોલ તાલુકા પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. તે સમયે સાથે રહેલા જીગ્નેશ કુમાર અને વિક્રમભાઈને સંયુકત રીતે બાતમી મળી હતી કે પાનસર થી ડિંગુચા જતા માર્ગ પર મોરારજી નગરની સામે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા હિતેશ હરીભાઈ નાયક (રહે. પાનસર મોરારજી નગર કલોલ), અણદુજી ભેમાજી વાઘેલા (દરબાર વાસ પાનસર ગામ), આશિષ જયેશ નાયક (પાનસર ગામ નાયકવાસ), નંદુભાઈ ભગવાનદાસ પટેલ (રહે.ઓળાગામ મહાકાળી માતાના મંદિર પાસે કલોલ) ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રકમ રૂ.૧૩,૩૦૦ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સેક્ટર-૨૩માંથી ત્રણ જુગારી જડપાયા

ગાંધીનગર, તા.૧

શહેરની સેકટર-૨૩ સ્થિત શાળાની દિવાલ પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ત્રણ જુગારીઓને પોલીસે પકડી પાડી રૂ.૪૨૨૦નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૧ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે સેકટર-૨૩ શાળાની દિવાલ પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે.જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા કુંડાળુ વળીને બાજી માંડીને બેઠેલા આદિવાડાનો નિગમ બચુ દંતાણી, સેકટર-૨૩ છાપરા ખાતે રહેતો રાહુલ ગોવિંદ દંતાણી, અને વાવોલ સોલંકી વાસ ખાતે રહેતો સુરેશ મનુભાઈ સોલંકીને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી કુલ રૂ.૪૨૨૦નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સિવિલની આઉટસોર્સિંગની સેવાઓના ટેન્ડર ક્યારે બહાર પડશે..?

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ માટે આઉટસોર્સિંગની વિવિધ સેવાના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. ઓનલાઈન ટેન્ડર બહાર પડતાની સાથે કેટલાક એજન્સીવાળા ટેન્ડર ભરવા માટે પણ બેસી ગયા હતા. પરંતુ ગર્વમેન્ટ ઈ માર્કેટ પ્લેસ પર એક દિવસ ટેન્ડર રહ્યા બાદ રદ કરી દેવામાં આવતા એજન્સી સંચાલકોમાં નિરાશા વ્યાપી ગઈ છે. ત્યારે જીએમઈઆરએસ દ્વારા કયાં કારણોસર માત્ર ગણતરીના કલાકોમાં જ ટેન્ડર રદ કરાયું તે ગણિત કોઈને સમજાતુ નથી.

પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર મેડીકલ કોલેજ સંલગ્ન ગાંધીનગર જનરલ હોસ્પિટલમાં આઉટસોર્સિંગ સેવાઓના ટેન્ડર ગર્વમેન્ટ ઈ માર્કેટ પ્લેસ દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવ્યા હતા.

જેમાં વર્ગ-૩ અને વર્ગ-૪ ની સેવાઓનો સમાવેશ થાય છે. જેમાં નર્સિંગ સ્ટાફ, પેરામેડીકલ સ્ટાફ, સફાઈ, સિક્યુરીટી, પાર્કિંગ તેમજ ભાડા પેટે ગાડી સહિતના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. વેબસાઈટ પર ગત તા.૨૬ ના રોજ ટેન્ડર અપલોડ કર્યાની ગણતરીના કલાકોમાં એટલે તા.૨૮ એપ્રિલના રોજ જ રદ કરવામાં આવ્યું છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ટેન્ડર પ્રક્રિયાને કયો ગ્રહ નડી રહ્યો છે તે સમજાતુ નથી. એક વર્ષની ટેન્ડર મર્યાદા હોય છે ત્યારે વર્ષો વિતી ગયા પછી પણ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં તંત્ર ઉદાસીન વલણ દાખવી રહી છે, તે સમજાતુ નથી.

ત્યારે સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વિવિધ સેવાઓનો ટેન્ડરની રકમ લાખો અને કરોડો રૂપીયાની થતી હોવાથી સિવિલ તંત્ર અને જીએમઈઆરએસ સોસાયટી દ્વારા નિર્ણય લઈ શકાય તેમ નથી. જેથી આરોગ્ય વિભાગમાં ઉચ્ચકક્ષાએથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેમ લાગી રહ્યું છે.

## સંકુલ સાદરામાં કુલનાયક ડૉ. રાજેન્દ્ર ખીમાણીની પ્રેરણાદાઈ અનોખી પહેલ કરાઈ



ગાંધીનગર, તા. ૧

ઈ.સ. ૧૯૨૦માં મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના બી.એ., એમ.એ., પી.એચ.ડી. વિભાગમાં અભ્યાસ કરતા ૩૬૫ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો માટેના સત્રાંત કાર્યક્રમમાં વર્ષ દરમ્યાન હાથ ધરાયેલી વિશિષ્ટ પ્રવૃત્તિઓ, આઝાદીના અમૃત મહોત્સવની પ્રવૃત્તિઓના સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં મોટા ભાગના વિદ્યાર્થી ભાઈઓ બહેનોને ઈનામો-પ્રમાણપત્રો એનાયત કરાયા હતા.

કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને બિરાજમાન કુલનાયક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીના ધ્યાન ઉપર આવેલ વંચિત વિદ્યાર્થીઓને તેમના પોતાના તરફથી ઈનામ આપવાની જાહેરાત કરી હતી. કાર્યક્રમ સંકુલ સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવુ અને ડૉ. દિવ્યેશ ભટ્ટના સુચારૂ આયોજન સફળ રહ્યો હતો.

### ઈસનપુર મોટા- સાણોદા માર્ગ પરથી દેશી દારુ ભરેલી કાર ઝડપાઈ

ગાંધીનગર,તા.૧

ચિલોડા પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા. તે સમયે ઈસનપુર મોટા ગામ પાસે આવતા પોલીસને બાતમી મળી હતી કે સાણોદા થી ઈસનપુર મોટા ગામ તરફના માર્ગ પરથી એક શખ્સ રીટઝ કાર નં. જી.જે.૦૯.બી.એ.-૪૮૮૩ દેશીદારુ ભરીને જવાની છે. જેથી પોલીસે ઈસનપુર મોટા ગામે સ્મશાન નજીક સાણોદા તરફથી આવતા માર્ગ પર વોચ ગોઠવી હતી. બાતમીવાળી ગાડી આવતા પોલીસે ઈશારો કરી ઉભી રાખી હતી. પોલીસે ગાડી ચાલકનુ નામ પુછતા તેણે સતપાલસિંહ ઉર્ફે દિપક અમોદસિંહ તોમર (રહે.ઠકકર નગર અમદાવાદ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે ગાડી ચેક કરતા કોથળામાંથી ૧૭૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે દેશી દારુ ૧૭૦ લીટર કિં.૩૪૦૦, એક મોબાઈલ ફોન કિં.૫૦૦ તેમજ કાર કિં.૧ લાખ મળી કુલ રૂ.૧,૩,૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી દારુ મંગાવનાર તેમજ ભરી આપનાર સહિત ત્રણ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ઈસનપુર મોટા ગામથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર,તા.૧

ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં વાહનચોર ટોળકીએ તરખાટ મચાવ્યો છે. ત્યારે ઈસનપુર મોટા ગામે ઘર પાસે પાર્ક કરેલા યામાહા ફ્રેઝર બાઈકની ચોરી થઈ છે. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે યુવકે રૂ.૩૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળથી વિગત મુજબ ચિલોડા નજીક ઈસનપુર મોટા ગામે ઢાળીયા વાસ ખાતે અજય જયંતિભાઈ પટેલ પરિવાર સાથે રહે છે. જયારે અજય ગાંધીનગર કુડાસણ ખાતે બાંધકામ સાઈટ પર માર્કેટીંગ સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. અજય નોકરી પર આવન જાવન માટે જીજાજીના યામાહા ફ્રેઝર બાઈક નં. જી.જે.૧૮.સી.ડી.૬૨૬૨ નો ઉપયોગ કરતો હતો. ગત તા.૨૮ ના રોજ સવારે ૯ વાગે કુડાસણ હવેલી કાફેની બાજુમાં નોકરી પર આવ્યો હતો અને સાંજે ૭ વાગે ઘરે ગયો હતો. જયારે અજયે બાઈક ઘર પાસે પાર્ક કરીને મુકી દીધુ હતું.જયારે બીજા દિવસ સવારે ઘરેથી અજય નોકરી પર જવા માટે નીકળ્યો હતો. તેણે જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું.જેથી તેને આસપાસના વિસ્તારમાં બાઈક અંગે શોધખોળ આદરી હતી. અજયે આજદિન સુધી ખાનગી તપાસ કરવા છતા બાઈક ન મળી આવતા તેણે ચિલોડા પોલીસ મથકે બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

# ચંન્દ્રાલા આદર્શ પ્રાથમિક શાળા-૧નો ૧૨૧મો જન્મદિવસ પ્રસંગ ઉત્સાહપૂર્વક ઉજવાયો

**પોતાની શાળાના ગામના વડીલોએ શાળાના સંસ્મરણો વાગોળ્યા : ગાયકવાડ સરકાર તરફથી માસિક ૧૮ રૂ. ભાડું મળતુ હતુ**

ચિલોડા, તા. ૧

ગાંધીનગર તાલુકાના ચંન્દ્રાલા ગામે આવેલી ૧૨૧ વર્ષ પહેલાંની ચંન્દ્રાલા આદર્શ પ્રાથમિક શાળા-૧નો ૧૨૧મો જન્મદિવસ (સ્થાપના)નો પ્રસંગની ઉજવણીનું કર્યો હતો. આ પ્રસંગે શાળાના ૧૨૧મો જન્મ દિન પ્રસંગે ૧૨૧ દીપ પ્રગટાવી શોભાવૃદ્ધિ કરી હતી. આ શાળાના ૧૨૧મા જન્મ પ્રસંગે શાળાનો ઈતિહાસ વર્ણવતા ગામના વયોવૃદ્ધ વડીલો પાસેથી ૧૨૧ વર્ષ ઉજાસવાળા વિલાયતી નળિયાવાળા ત્રણ રૂમોનું ગામની ભાગોળે નિર્માણ કરવામાં આવ્યું જેનું ગાયકવાડ સરકાર તરફથી રૂ. ૧૮ માસિક ભાડુ મળતું હતું. ત્યારબાદ વિલાયતી નળિયાવાળા પાંચ રૂમનું નવી ભૌતિક સુવિધાઓથી સજજ કરવામાં ગામના વડીલો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ તન-મન-ધનથી અમુલ્ય ફાળો આપેલ છે. વટવૃક્ષ સમી શાળાના ફળ આજે જોઈ રહ્યા છીએ. સમય જતાં ૧૨ રૂમની




આયોજન કરવામાં આવ્યું હતું.

આ યાદગાર સ્મરણીય પ્રસંગે ગામના યુવા સરપંચ રામચંદ્રભાઈ પટેલ પ્રગતિશીલ ખેડૂત, જિલ્લા પંચાયત ગાંધીનગરના પ્રમુખ અને ગામના વતની દિલિપભાઈ પટેલ, બાબુભાઈ કે. પટેલ, યોગેશભાઈ પટેલ તલાટી કમ મંત્રી અગ્રણી જયંતિભાઈ પટેલ તથા શાળાના આચાર્ય રાજુભાઈ પટેલ તથા શાળા પરિવારે દિપ પ્રાગટ્ય દ્વારા શુભારંભ પહેલાં શાળાની શુભ શરૂઆત સ્વ. ગીરધરભાઈ જીવદાસ પટેલના ડહેલાવાળા મકાનમાં થઈ ત્યાં આશરે ૧૦ વર્ષ સુધી ચાલી. ત્યારબાદ સ્વ. જેઠાભાઈ ગોપાળદાસ પટેલના ડહેલાવાળા મકાનમાં ઉપરના માળે શાળાનું સ્થળાંતર કરવામાં આવ્યું. ચંન્દ્રાલા ગામની શિક્ષણપ્રેમી જનતાની સહયોગથી સરકારની સહાય વિના સુંદર બેઠાવાળા અને પુરતા હવા શાળાનું મકાન સરકારશ્રી દ્વારા બનાવવામાં આવ્યું. બીજા ત્રણ રૂમ ધાબાવાળા બનાવવામાં આવ્યા જે હાલ હયાત છે. સંખ્યા વધતાં જરૂર પ્રમાણે બે-બે રૂમ મંજૂર કરતાં કુલ ૧૫ રૂમ થયા. સને ૧૯૮૦માં આદર્શ શાળાઓની સ્પર્ધામાં ચંન્દ્રાલા પ્રાથમિક શાળાને એવોર્ડ મળેલ છે. અલગ અદ્યતન સુવિધાપૂર્ણ ઓફિસરૂમ મંજૂર કરાવી બનાવવામાં આવ્યો. આ શાળાને દિવાલો અને ભોંયતળિયામાં મોટી તિરાડો પડી જવાથી જર્જરિત હોઈ જિલ્લામાંથી નોન યુઝ મંજૂર કરાવવામાં આવ્યા. ટૂંક સમયમાં સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા અદ્યતન શાળા બનાવવામાં આવશે તથા જિલ્લા પંચાયત પ્રમુખની ગ્રાન્ટમાંથી મધ્યાહન ભોજન શેડનું નિર્માણ કાર્ય થઈ રહ્યું છે તેવું શાળાના આચાર્ય રાજુભાઈ પટેલે જણાવ્યું છે.

## ગાંધીનગર ખાતે સ્પે.ખેલમહાકુંભ-જિલ્લા કક્ષાની સ્પર્ધાનો આરંભ



ગાંધીનગર, તા. ૧

જીવનમાં રમતગમતનું ખૂબ જ મહત્વ છે. રમતગમતથી આપણામાં ખેલદિલીની ભાવના ઉજાગર થાય છે, તેવું આજરોજ ગાંધીનગર ખાતે સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૨ (દિવ્યાંગ) બ્લાઈન્ડ જિલ્લા કક્ષાની સ્પર્ધાનો આરંભ કરાવતાં રોજગાર અને પંચાયતમંત્રી બ્રિજેશ મેરજાએ જણાવ્યું હતું.

તા. ૧ લી, મે, ગુજરાત રાજ્ય સ્થાપના દિન નિમિત્તે સર્વે ઉપસ્થિત નાગરિકો અને ખેલાડીઓને અભિનંદન આપી પંચાયતમંત્રી બ્રિજેશ મેરજાએ જણાવ્યું હતું કે રમતગમત થકી વ્યક્તિનો શારીરિક અને માસનિક વિકાસ થાય છે. તેમજ તે વ્યક્તિ વિચારીક રીતે પણ મજબૂત બને છે. તેમણે રાજયની સ્પોર્ટસ નીતિ જાહેર કરવામાં આવી છે, તેની પણ ટુંકમાં વિગત રજૂ કરી હતી. તેમજ જીવનમાં આળસ દૂર કરવા અને તંદુરસ્તી રાખવા માટે ખેલકૂદ કેમ જરૂરી છે, તેની રસપ્રદ વાત તેમની આગવી શૈલીમાં કરી હતી.

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષ મકવાણાએ જણાવ્યું હતું કે દિવ્યાંગ બાળકો અને વ્યક્તિમાં ટેલેન્ટ ખૂબ હોય છે. તેમજ માનસિક રીતે પણ તેઓ ખૂબ મજબૂત હોય છે. તેમને માત્ર સહકાર અને લાગણી મળે તો તેમના રહેલી ખૂબીઓ બહાર લાવી શકાય છે. આજથી આરંભ થયેલ સ્પે ખેલ મહાકુંભ થકી આવા બાળકો અને નાગરિકોને તેમનું ટેલેન્ટ દેખાડવાની ઉમદા તક મળશે.

આ પ્રસંગે જિલ્લા રમતગમત અધિકારી મહેશભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૨ (દિવ્યાંગ) માનસિક ક્ષતિગ્રસ્ત તથા ડેપ્થ જિલ્લાકક્ષાની સ્પર્ધાનો આજથી આરંભ પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સેક્ટર-૭ ખાતેથી કરવામાં આવ્યો છે. જેમાં સ્પર્ધા સ્થળ પર ઓફલાઈન રજીસ્ટ્રેશન કરી દિવ્યાંગ ખેલાડીઓ ભાગ લઈ શકે તેવી સુવિધા પણ કરવામાં આવી છે. તા. ૩ થી ૧૨ મે દરમિયાન તાલુકા/ઝોનકક્ષાએ વિજેતા ખેલાડીઓ માટે જિલ્લા/નગરપાલિકાકક્ષાની સ્પર્ધાઓ યોજાશે. તથા તા. ૧૫ થી ૧૯ મે દરમિયાન ઝોન(રાજ્યકક્ષા) અને તા.૧૫ થી ૨૯ મે દરમિયાન રાજ્યકક્ષા તથા સીધી રાજ્યકક્ષાએ યોજાતી સ્પર્ધાઓ યોજાનાર છે. ખેલમહાકુંભમાં જુદી જુદી કક્ષાની સ્પર્ધામાં ૧ થી ૩ ક્રમ મેળવનાર ખેલાડીઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જસવંતભાઈ પટેલ, મહાનગરપાલિકાના કોર્પોરેટરો, બ્લાન્ડ સોસાયટી, ગાંધીનગરના પ્રમુખ જયંતિભાઈ પટેલ સહિત દિવ્યાંગ ખેલાડીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.